# સિમ્ફની લિમિટેડે BLDC રેન્જમાં એર કુલરના ૩ મોડલ લોન્ચ કર્યા

અમદાવાદ, તા. ૨૦ ઈવોપરેટિવ એર કૂલર્સમાં વૈશ્વિક અગ્રણી સિમ્ફની લિમિટેડે બીએલડીસી ટેકનોલોજી દ્વારા સંચાલિત વિશ્વની સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી છે. અત્યંત ઉર્જા કાર્યક્ષમ એવી બીએલડીસી એર કૂલર રેન્જ, અન્ય કૂલરની સરખામણીમાં ૬૦ % જેટલી ઓછી વીજળી વાપરે છે જેના પરિણામે દર વર્ષે રૂા. ૨,૦૦૦ સુધીની ઉર્જા બચત થાય છે.

કંપનીએ બીએલડીસી રેન્જમાં ૮૦ લિટર, ૫૫ લિટર અને ૩૦ લિટરની ક્ષમતાના ૩મોડલ લોન્ચ કર્યા છે અત્યંત ઉર્જા કાર્યક્ષમ હોવા ઉપરાંત તે વધારાની સુવિધાઓથી પણ સુસજ્જ છે જેમ કે ૭ સ્પીડ ઓપ્શન્સ, ૮ કલાક સુધી નાઈટ સ્લીપ મોડ, ટચસ્કીન કંટ્રોલ

## અન્ય એર કુલરની સરખામણીમાં ૬૦ ટકા ઓછી વીજળી વાપરે છે

પેનલ, એમ્પ્ટી વોટર ટેંક એલાર્મ વગેરે સિમ્ફની કૂલર્સ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટે તે પ્રમાણે તૈયાર કરાયા છે જે પ્રતિ કૂલર પ્રતિ વર્ષ ૧૮ વૃક્ષો વાવવા બરાબર છે અને એર કંડિશનરની સામે માત્ર ૧૦% ઉર્જાનો વપરાશ કરે છે.

આ અંગે સિમ્ફની લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અચલ બકેરીએ જણાવ્યું હતું કે, સિમ્ફની ખાતે અમે આજે આવતીકાલનું વિચારીએ છીએ. અમારો પ્રયાસ હંમેશા આપણા ગ્રહ અને તેના રહેવાસીઓ માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાનો રહ્યો છે જે અમારી બ્રાન્ડ ટેગલાઈન થિંકિંગ ઓફ ટુ મોરો દ્વારા પ્રતિબિંબિત થાય છે. અમને ખાતરી છે કે આ નવી એર કૂલિંગ રેન્જ સાથે સિમ્ફની એર કૂલિંગના ભવિષ્યમાં ક્રાંતિ લાવશે.